ગુજરાત રાજય નગરપાલિકાના મુખ્ય અધિકારીની
સેવાના મુખ્ય અધિકારી વર્ગ-૧ અને વર્ગ-૨ ની
જગ્યાઓ ઉપર બઢતી આપવા માટે પસંદગી
સમિતિની રચના બાબત.

ગુજરાત સરકાર,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
ઠરાવ નં.ઈએસટી/૧૦૨૦૦૦/૩૧૯૭/૨,
સચિવાલય, ગાંધીનગર,
તા. ૪/૯/૨૦૦૦

વંચાણે લીધા :-

(૧) આ વિભાગની તા.૨૬/૧૧/૯૭ ની અધિસૂચના ક્રમાંક:
થી બહાર પાડેલ ગુજરાત રાજય નગરપાલિકાના મુખ્ય અધિકારીની સેવા ( નિમણૂંક, સમાવેશ અને નોકરીની શરતો ) નિયમો -૧૯૯૬.

ઠ રા વ :-

રાજયની નગરપાલિકાઓમાં મુખ્ય અધિકારીઓની નિમણૂંક રાજય સરકારે કરવાની થાય છે. ઉપર સંદર્ભમાં જણાવેલ તા.૨૬/૧૧/૯૭ ની અધિસૂચનાથી પ્રસિદ્ધ કરવામાં આવેલ. મુખ્ય અધિકારીઓના સંવર્ગના ભરતી નિયમો અનુસાર મુખ્ય અધિકારી વર્ગ-૧ ની તમામ જગ્યાઓ વર્ગ-૨ ના મુખ્ય અધિકારીઓને તથા વર્ગ-૨ ની જગ્યાઓ ૧:૧ ના પ્રમાણમાં સીધી પસંદગી તથા મુખ્ય અધિકારી વર્ગ-૩ ના અધિકારીઓને બઢતી આપીને ભરવાની જોગવાઈ થયેલ છે. આથી નિયમો અનુસાર બઢતી આપવા માટે ખાતાકીય પસંદગી સમિતિની રચના કરવાની બાબત સરકારની વિચારણામાં હતી. પુખ્ત વિચારણાને અંતે નીચે નિર્દિષ્ટ કર્યા મુજબની પસંદગી સમિતિની રચના કરવામાં આવે છે.

૧. મુખ્ય અધિકારી વર્ગ-૧ ની જગ્યાએ બઢતી આપવા માટે.

| | |
|---|---|
| (૧) સચિવશ્રી / અગ્ર સચિવશ્રી, શ.વિ અને શ.ગૃ.નિ.વિભાગ, સચિ. ગાંધીનગર. | અધ્યક્ષ |
| (૨) સચિવ / અગ્ર સચિવ / અ.મુ.સચિવ ( ક.ગ ) સામાન્ય વહીવટ વિભાગ, સચિ. ગાંધીનગર. | સભ્ય |
| (૩) નાયબ સચિવ / સંયુકત સચિવ ( ન.પા ) શ.વિ અને શ.ગૃ.નિ.વિભાગ, સચિ. ગાંધીનગર. | સભ્ય સચિવ |
| (૪) નિયામકશ્રી નગરપાલિકાઓ, ગુજરાત રાજય, ગાંધીનગર | સભ્ય |

( પાછળ )

૨. મુખ્ય અધિકારી વર્ગ-૨ ની જગ્યાએ બઢતી આપવા માટે.

(૧) સચિવશ્રી / અગ્ર સચિવશ્રી                                   અધ્યક્ષ
શ.વિ અને શ.ગૃ.નિ.વિભાગ, સચિ. ગાંધીનગર.

(૨) નાયબ / સંયુક્ત સચિવ ( ન.પા )                                   સભ્ય સચિવ,
શ.વિ અને શ.ગૃ.નિ.વિભાગ, સચિ. ગાંધીનગર.

(૩) નિયામકશ્રી, નગરપાલિકાઓ ગુજરાત રાજ્ય, ગાંધીનગર- સભ્ય

આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર તા.૨૪/૮/૨૦૦૦ ની નોંધથી મળેલ સામાન્ય વહીવટ વિભાગની અનુમતિથી આ ઠરાવ બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( સી.એમ.ગોહિલ )
ઉપ સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

નકલ રવાના પ્રતિ,

- અ.મુ.સચિવશ્રી ( ક.ગ ) સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર,
- અગ્ર સચિવશ્રી, શ.વિ અને શ.ગૃ.નિ.વિભાગ, સચિ. ગાંધીનગર,
- નાયબ સચિવશ્રી ( ન.પા. ) શ.વિ અને શ.ગૃ.નિ.વિભાગ, સચિ. ગાંધીનગર,
- નિયામકશ્રી, નગરપાલિકાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- પ્રાદેશિક નિયામકશ્રી ( ન.પા ) રાજકોટ
- સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સિલેક્ટ ફાઈલ.